જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૮/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨/૮૩ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૦૬૯/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૦/૨૦૦૦ ઈપીકો કલમ ૪૮૯(બી)(સી) મુજબ તથા સેશન્સ કેસ નં.૦૪/૨૦૨૫ મુજબ ગુનાના કામે આરોપી ભરતભાઇ સ/ઓ જવાનસિંહ જાતે. ઝાલા (રહે. શિવાનંદનગર, નાગરવેલ હનુમાન પાસે, અમરાઇવાડી અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી પી.બી.પટેલ સાહેબ, સેશન્સ જજ કોર્ટ નં.૧૬ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બીયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૪૨,૧૫૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૭૨/૨૦૨૫**

સાબરમતીઃ આશુતોષ રાજેન્દ્રકુમાર શર્મા (ઉ.વ.૩૨)(રહે.દેવદાસ સોસાયટી, પરિમલ સોસાયટી પાસે, ડી–કેબીન સાબરમતી) એ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૩/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે આરોપી હાર્દિક શર્મા મો.નં. ૯૫૨૮૨૦૯૧૦૦ તથા નિશાંત વર્મા મો.નં.૯૫૪૦૬૨૧૮૨૦ ના ધારકે આશુતોષ શર્માને સિંગાપોરના વર્ક પરમીટ વિઝા કરાવી આપવાનુ કહી વિશ્વાસમા લઈ તેમની પાસે થી અલગ–અલગ તારીખે અલગ–અલગ બેંક ખાતામાં કુલ રૂપિયા ૨,૧૦,૦૦૦/– ટ્રાન્સફર કરાવી લઇ, વિઝા નહી કરાવી આપી તેમજ રૂપિયા પરત નહિ કરી આશુતોષ શર્મા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

શાહપુરઃ સલમાબીબી વા/ઓ મોહમ્મદરફીક શેખ (ઉ.વ.૬૧)(રહે.ન્યુ લવલી પાર્ક વિશાલા હોટલ સામે બાચા મોટર્સ પાછળ જુહાપુરા) એ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા૨૧/૦૬/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન શાહપુર સેન્ટર મિર્ઝાપુર કોર્ટ સામે કામા કોમર્શિયલ ખાતે આવેલ સલમાબીબી શેખના પતિની ઓફિસે આવેલ આરોપી શેખ રેશમાબાનું મોહમ્મદફારૂક (રહે.જાફરી ટાવર બીજો માળ ગાયકવાડ હવેલી સામે રાયખડ તથા બાદશાહ દીવાનનો બંગલો રાયખડ) નાએ સલમાબીબી શેખને ઈલેક્ટ્રોનિકના ધંધામાં રોકાણ કરવાનું અને બે મહિનામાં ત્રણ ગણા રૂપિયા પરત આપવાનું કહી વિશ્વાસમાં લઈ, સલમાબીબી પાસેથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૯,૫૦,૦૦૦/– મેળવી લઈ પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.વી.પટણી ચલાવે છે.

દાણીલીમડાઃ મોહમદઅયાન અયુબભાઈ શેખ (ઉ.વ.૨૨)(રહે. હુમેરા એવન્યુ છીપા સોસાયટી દાણીલીમડા) એ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૫ બપોરના ૩/૩૦ થી તા.૦૪/૦૬/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન અજાણ્યા મોબાઈલ નંબર–૯૯૮૧૭૩૯૬૮૯ ઉપરથી "કેમ્પા એક્ઝીક્યુટીવ" તરીકેની ઓળખ આપનાર અજાણી વ્યક્તિએ કેમ્પાની ડીલરશીપ/રજીસ્ટેશન તથા પ્રોડ્કટના ઓર્ડર પેટે મોહમદઅયાન શેખ પાસેથી કુલ રૂપિયા ૨,૭૫,૫૦૦/– અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ, કેમ્પા તરફથી કોઈ પ્રોડકટની ડીલવરી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.જે.રાવત ચલાવે છે.

ક્રાઈમબ્રાંચઃ ભાર્ગવભાઈ હસમુખરાય પંડીત (ઉ.વ.૪૯)(રહે.શિવમ બંગ્લોઝ, બોપલ ૪૪૪ પાછળ એસ.પી.રીંગરોડ બોપલ) એ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ ક્રાઈમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૪ થી તા.૧૧/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રોનકભાઈ પ્રમોદભાઈ ભાવસાર (ઉ.વ.૩૩) (રહે.સુકુન રેસીડન્સી–૨ સિલ્વર સ્ટાર મોલ પાસે ગોતા રોડ ચાંદલોડીયા) એ ભાર્ગવભાઇ પંડીતને વિશ્વાસમાં લઈ રેજીન ફાર્મા કંપની વટવા જીઆઈડીસી ફેઝ–૨ નામની કંપનીના નામે ખોટુ મેઈલ આઈડી "reginpharma@ gmail.com" બનાવી ઈ–મેઈલથી બોડકદેવ સીંધુ ભવન રોડ એરીસ્ટા કોમ્પ્લેક્ષ સ્ટેલઆર સામે આવેલ ભાર્ગવભાઈની "ટેક્રોમેટીક" નામની કંપની ખાતે ફાર્મા કંપનીના બોક્ષ તથા પ્રીન્ટીંગ મટેરીયલનો જીએસટી સહીત કુલ રૂપિયા ૧૭,૩૭,૩૪૪/– નો ઓર્ડર આપેલ. જેથી ઓર્ડર પ્રમાણેનો કાચો માલ બાલાજી ઓફ્સેટ નામની કંપની પાસેથી ખરીદ કરી તે માલ પૈકી બીપીનભાઈના નામથી ટ્રાન્સપોર્ટ મારફતે આરોપી રોનકભાઈ ભાવસાર નાઓની ફર્મ ખાતે મોકલી આપેલ તેમજ અમુક માલ આરોપી રોનકભાઇના કહેવાથી "થીઓ ઓફ્સેટ" ગોલ્ડન ટ્રાઇંગ્લ સરદાર પટેલ સ્ટેડીયમ રોડ નવરંગપુરા ખાતે મોકલી આપેલ તથા ઈન્ડીયન ઓપ્થોલ્મીક્સ એલએલપી સુરેન્દ્રનગર તથા વિશ્વા પ્રોડક્ટ ઘોડાસર ખાતે મળી તમામ બીલની જીએસટી સહીતની કુલ રકમ રૂપિયા ૧૭,૯૬,૪૦૪/– તેમજ હાથ ઉછીના આપેલ રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૨,૯૬,૪૦૪/– આજદિન સુધી માંગણી કરવા છતા નહી આપી ભાર્ગવભાઇ પંડીત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એમ.વસાવા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૭૩/૨૦૨૫**

શહેરકોટડાઃ ગોવિંદભાઇ અર્જુનલાલ સોની (ઉ.વ.૩૨)(રહે.અનંતનગર, બોપલગામ, બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે, બોપલ) એ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૨૫ સવારના ૧૦/૪૫ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન અસારવા રેલવે સ્ટેશન સામે આવેલ એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ થી કાલુપુર મેટ્રો સ્ટેશન જવા સારૂં એક રીક્ષામાં બેઠા હતા. જે ઓટોરીક્ષા ચાલક તથા રીક્ષામા બેસેલ અન્ય પુરૂષએ ભેગામળી ગોવિંદભાઈની નજર ચુકવી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– ચોરી કરી લઈ, ગોવિંદભાઇને જી.સી.એસ.બસ સ્ટેન્ડ પાસે રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ભરવાડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૭૪/૨૦૨૫**

શાહીબાગઃ અંજુકંવર વા/ઓ અર્જુનસિંહ રાઠોડ (ઉ.વ.૩૨)(રહે.કેન્ટોનમેન્ટ સ્ટાફ ક્વાર્ટર્સ ત્રીજા માળે કેમ્પ સદર બજાર શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બારીની લોખંડની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "એફ" ડીવીઝન નાઓ ચલાવે છે.

ઓઢવઃ જગતસિંહ કમમોદસિંહ કુશ્વાહ (ઉ.વ.૩૨)(રહે. રૂમ નંબર–૦૨ ન્યુ શાંતિનિકેતન હિન્દી પ્રાથમિક શાળા, મોમાઇનગર, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૫ સવારના ૯/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનોજભાઇ ભીખાભાઇ ચલાવે છે.

નારોલઃ સ્નેહલ ડો/ઓ જેઠાલાલ રાઠોડ (ઉ.વ.૨૨)(રહે.આદિત્ય બંગ્લોઝ લાંભાગામ લાંભા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી